# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

****************************************************

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું બંધારણ ચૂંટણી પંચને મતદાર યાદી તૈયાર કરવાની સત્તા આપે છે
2. રાજ્યસભામાં રાષ્ટ્રગીત વંદે માતરમ્ ની 150મી વર્ષગાંઠ પર ચર્ચા ચાલી રહી
3. ભારતના મુખ્ય તહેવાર દિવાળી યુનેસ્કોની માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સામેલ
4. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત એક એવો રાષ્ટ્ર બનવા માટે પ્રતિબદ્ધ છે જ્યાં માનવ અધિકારોનું રક્ષણ જ નહીં પણ તેમનું સન્માન પણ થાય છે.
5. એશિયન ડેવલપમેન્ટ બેંકે તેના અહેવાલમાં ભારત માટે ચાલુ નાણાકીય વર્ષનો વૃદ્ધિનો અંદાજ 6.5 ટકાથી વધારીને 7.2 ટકા કર્યો
6. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આવતીકાલે ચંદીગઢમાં બીજી T 20 મેચ રમાશે.

..........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Lok Sabha Election Reforms

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે બંધારણ ચૂંટણી પંચને મતદાર યાદી તૈયાર કરવાની સત્તા આપે છે, અને ખાસ સઘન સુધારણા (SIR) હાથ ધરવાની જવાબદારી આયોગની છે.

લોકસભામાં ચૂંટણી સુધારા પર ચર્ચા દરમિયાન SIR અંગે વિપક્ષના આરોપોને નકારી કાઢતા તેમણે જણાવ્યું હતું કે વિપક્ષ, ખાસ કરીને કોંગ્રેસ, SIR મુદ્દા પર જુઠ્ઠાણા ફેલાવી રહી છે અને દેશ, સરકાર અને ચૂંટણી પંચની છબીને ખરડાઈ રહી છે.

(BYTE – AMIT SHAH ON SIR )

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે SIRનો ઉપયોગ મતદાર યાદીઓની સુધારણા કરવા માટે થાય છે. પ્રથમ SIR 1952 માં કરવામાં આવ્યો હતો જ્યારે જવાહરલાલ નેહરુ પ્રધાનમંત્રી હતા. ગૃહમંત્રીએ ઉમેર્યું હતું કે 2004 થી, ઘણા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR પ્રક્રિયા અપનાવવામાં આવી છે. શ્રી શાહે વિપક્ષી પક્ષો પર SIR અંગે બેવડા ધોરણ અપનાવવાનો આરોપ મૂક્યો હતો. જ્યારે વિપક્ષ ચૂંટણી જીતે છે, ત્યારે તેઓ પ્રશ્નો ઉભા કરતા નથી, પરંતુ હાર સ્વીકાર્યા પછી, તેઓ ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર પ્રશ્ન ઉઠાવવાનું શરૂ કરે છે.

શ્રી અમિત શાહે સ્પષ્ટતા કરી કે ચૂંટણી પંચ સરકાર હેઠળ કામ કરતું નથી. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષ ચિંતિત છે કારણ કે દેશના લોકો તેમને મત આપતા નથી.

કોંગ્રેસના નેતા કે.સી. વેણુગોપાલે કહ્યું કે મતદાનનો અધિકાર લોકશાહીનો મૂળભૂત સિદ્ધાંત છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે ચૂંટણી પંચ પક્ષપાતી બની રહ્યું છે. તેમણે બિહારમાં મતદાર યાદીઓમાંથી મોટા પાયે મતદારોના નામ કાઢી નાખવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

ભારતીય જનતા પાર્ટીના નેતા રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે જ્યારે પણ વિપક્ષ હારે છે, ત્યારે તે ચૂંટણી પ્રક્રિયા પર સવાલ ઉઠાવે છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે અને ચૂંટણી પંચ પર આંગળી ચીંધવી જોઈએ નહીં.

-------------

## Rajya Sabha - Vande Mataram

રાજ્યસભામાં રાષ્ટ્રગીત વંદે માતરમ્ ની 150મી વર્ષગાંઠ પર ચર્ચા ચાલી રહી છે. ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે વંદે માતરમ્ પર ચર્ચા શરૂ કરી હતી.

ચર્ચામાં ભાગ લેતા, કોંગ્રેસ પક્ષના જયરામ રમેશે આરોપ લગાવ્યો કે જવાહરલાલ નેહરુને બદનામ કરવાના ઇરાદાથી વંદે માતરમ્ પર ચર્ચા કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ પક્ષના દરેક સત્રમાં રાષ્ટ્રગીત ગવાતું હતું.

કોમ્યુનિસ્ટ પાર્ટીના સંતોષ કુમારે કહ્યું કે વંદે માતરમ્ ગીત હજારો સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ અને ખુદીરામ બોઝ જેવા નેતાઓ માટે પ્રેરણાસ્ત્રોત રહ્યું છે. તેમણે કહ્યું કે તે રાષ્ટ્રના આત્મામાં

જડાયેલું છે અને આજે પણ દરેકને પ્રેરણા આપે છે. બીજુ જનતા દળના દેવાશીષ સામંતરાયે કહ્યું કે વંદે માતરમ્ ગીત સ્વતંત્ર ભારતનો અવાજ હતો.

-------------

## EC - SIR

ચૂંટણી પંચે જણાવ્યું છે કે મતદાર યાદી સઘન સુધારાણા - SIRના બીજા તબક્કામાં અત્યાર સુધીમાં 50 કરોડ 96 લાખથી વધુ મતદાર ગણતરી ફોર્મ મતદારોને વિતરણ કરવામાં આવ્યા છે. આ સંખ્યા આ તબક્કામાં ભાગ લેનારા આશરે 51 કરોડ મતદારોના ૯૯.૯૮ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. પંચે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 50 કરોડથી વધુ ફોર્મ ડિજિટાઇઝ કરવામાં આવ્યા છે. ગણતરી ફોર્મ જમા કરવાની અંતિમ તારીખ આવતીકાલ છે. SIRનો આ તબક્કો આવતા વર્ષે ૧૪ ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે પૂર્ણ થશે.

-------------

## Dipavali UNESCO

ભારતના મુખ્ય સાંસ્કૃતિક અને આધ્યાત્મિક તહેવારોમાંના એક, દિવાળીને આજે સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠન - યુનેસ્કોની માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સામેલ કરવામાં આવી છે. આ જાહેરાત કરતા, સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર

સિંહ શેખાવતે કહ્યું કે આ દરેક ભારતીય માટે ભાવનાત્મક ક્ષણ છે. તેમણે કહ્યું કે દિવાળી ફક્ત ઉજવવામાં આવતી નથી, પરંતુ પેઢીઓ સુધી અનુભવાય છે.

શ્રી શેખાવતે ભારતીય ડાયસ્પોરાની ભૂમિકાનો પણ સ્વીકાર કર્યો, જે દક્ષિણપૂર્વ એશિયામાં ઉજવવામાં આવે છે, આફ્રિકા, ખાડી દેશો, યુરોપ અને કેરેબિયનમાં, દિવાળીનો સંદેશ ફેલાવવામાં આવ્યો છે અને સાંસ્કૃતિક સેતુઓ મજબૂત કરવામાં આવ્યા છે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણ દિવાળીને અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સામેલ કરવાના નિર્ણયનું સ્વાગત છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત અને વિશ્વભરના લોકો દિવાળીને અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સામેલ થવા બદલ ખૂબ જ ઉત્સાહિત છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે કહ્યું કે દિવાળી ભારતની સંસ્કૃતિ અને મૂલ્યો સાથે ઊંડે સુધી સુસંગત છે.

ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડા અને વિદેશ મંત્રી એસ. જયશંકરે એ યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં દિવાળીનો સમાવેશ થવા પર ખુશી વ્યક્ત કરી.

-------------

## PRESIDENT - Human Rights Day

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે ભારત એક એવો રાષ્ટ્ર બનવા માટે પ્રતિબદ્ધ છે જ્યાં માનવ અધિકારોનું રક્ષણ જ નહીં પણ તેમનું સન્માન પણ થાય છે.

નવી દિલ્હીમાં માનવ અધિકાર દિવસ 2025 અને દૈનિક જરૂરિયાતો સુનિશ્ચિત કરવા પર રાષ્ટ્રીય પરિષદને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે ગૌરવ સાથે કોઈ વાટાઘાટો કરી શકાતી નથી અને કોઈને પણ તેમના અધિકારોથી વંચિત ન રાખવું જોઈએ. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતે માનવ અધિકારોના વૈશ્વિક માળખાને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

(BYTE - PRESIDENT ON HUMAN RIGHTS DAY)

1948માં આ દિવસે, માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા અપનાવવામાં આવી હતી. આ વર્ષે, માનવ અધિકાર દિવસની થીમ છે: બધા માટે આવશ્યક જાહેર સેવાઓની ગૌરવપૂર્ણ પહોંચ સુનિશ્ચિત કરવી

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## Rajya Sabha - Nirbhaya Fund

કેન્દ્ર સરકારે છેલ્લા પાંચ વર્ષમાં નિર્ભયા ફંડમાં 3 હજાર 300 કરોડથી વધુ રકમ ફાળવી છે. મહિલા અને બાળ વિકાસ રાજ્યમંત્રી સાવિત્રી ઠાકુરે આજે રાજ્યસભામાં આ માહિતી આપી. કેન્દ્ર સરકારે દેશમાં મહિલાઓ અને છોકરીઓની સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે નિર્ભયા ફંડની સ્થાપના કરી છે.

-------------

## Goa Nightclub FIRE

દિલ્હીની અદાલતે આજે પોલીસને ગોવાની નાઇટક્લબના માલિક અજય ગુપ્તાના 36 કલાકના ટ્રાન્ઝિટ રિમાન્ડની મંજૂરી આપી છે. જેમાં ગયા અઠવાડિયે આગમાં 25 લોકોના મોત થયા હતા. ગુપ્તાને આગની ઘટનાના સંદર્ભમાં પૂછપરછ માટે દિલ્હીમાં અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

-------------

## Maharashtra Naxalites surrender

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં આજે પોલીસ મહાનિર્દેશક રશ્મિ શુક્લા સમક્ષ અગિયાર નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું. તેમના પર કુલ 82 લાખ રૂપિયાનું ઇનામ હતું. ગઢચિરોલી પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના સંયુક્ત પ્રયાસો દ્વારા, 2015 થી 112 નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે.

શ્રીમતી શુક્લાએ નક્સલીઓને હિંસા છોડીને મુખ્ય પ્રવાહમાં જોડાવા અપીલ કરી.

-------------

## Lok Sabha - Community Radio

છેલ્લા પાંચ વર્ષમાં, કોમ્યુનિટી રેડિયો સહાય ઝુંબેશ હેઠળ કુલ 212 નવા કોમ્યુનિટી રેડિયો સ્ટેશનો શરૂ કરવામાં આવ્યા છે. સરકારે આ યોજના માટે 50 કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. તેનો ઉદ્દેશ્ય હાલના અને નવા કોમ્યુનિટી રેડિયો સ્ટેશનોને મજબૂત બનાવવાનો છે.

આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું હતું છેલ્લા પાંચ વર્ષમાં દેશભરના 31 કોમ્યુનિટી રેડિયો સ્ટેશનોને નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવી છે.

-------------

## Gadkari-Hydrogen

રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે જણાવ્યું હતું કે દેશ આગામી દાયકામાં હાઇડ્રોજન ઉર્જા નિકાસકાર બનવાના માર્ગ પર છે. તેમણે કહ્યું કે હાઇડ્રોજન શિપિંગ, ઉડ્ડયન, ઉદ્યોગ અને સ્માર્ટ પરિવહનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે સરકાર લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવા માટે મહત્વપૂર્ણ પગલાં લઈ રહી છે. કેન્દ્રીય

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે સરકાર દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં માર્ગ વિકાસ પ્રોજેક્ટ્સમાં 1 લાખ 50 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરી રહી છે.

-------------

## Amazon

એમેઝોને 2030 સુધીમાં ભારતમાં 35 અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી છે. એમેઝોનના ઇમર્જિંગ માર્કેટ્સના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અમિત અગ્રવાલે આજે નવી દિલ્હીમાં આયોજિત એમેઝોન સમભાવના સમિટના છઠ્ઠા સંસ્કરણમાં આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે આ રોકાણ એમેઝોનના વિકસિત ભારતના વિઝન સાથે સુસંગત છે. આનાથી 10 લાખ નોકરીઓનું સર્જન થશે.

-------------

## ADB - INDIA GROWTH

એશિયન ડેવલપમેન્ટ બેંક - ADB એ તેના એશિયા અને પેસિફિકના ગ્રોથ આઉટલુક રિપોર્ટમાં ભારત માટે ચાલુ નાણાકીય વર્ષ માટે વૃદ્ધિનો અંદાજ 6.5 ટકાથી વધારીને 7.2 ટકા કર્યો છે. જુલાઈથી સપ્ટેમ્બર ત્રિમાસિકમાં દેશે મજબૂત વૃદ્ધિ નોંધાવી અને મજબૂત નાણાકીય વર્ષ માટેની સંભાવનાઓ નોંધાવ્યા પછી આ 0.7 ટકાનો વધારો દર્શાવે છે.

-------------

## ND vs SA T20

ભારત અને દક્ષિણ આફ્રિકા આવતીકાલે નવા ચંદીગઢના મુલ્લાનપુર સ્થિત મહારાજા યાદવિન્દ્ર સિંહ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ ખાતે તેમનો બીજો T 20 મેચ રમશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે. ગઈકાલે રાત્રે કટકના બારાબતી સ્ટેડિયમ ખાતે પાંચ મેચની T 20 શ્રેણીની પહેલી મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 101 રનથી હરાવ્યું હતું.

-------------

## Court - Indigo

દિલ્હી વડી અદાલતે આજે કેન્દ્ર સરકારને પ્રશ્ન કર્યો કે ઇન્ડિગોની અસંખ્ય ફ્લાઇટ્સ રદ કરવાથી આવી પરિસ્થિતિ કેમ સર્જાઈ.

નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય – DGCA દ્વારા લેવામાં આવેલા પગલાંની પ્રશંસા કરતા અદાલતે પ્રશ્ન કર્યો કે આવી પરિસ્થિતિ કેમ બનવા દેવામાં આવી, જેના કારણે લાખો મુસાફરો દેશભરના વિમાનીમથકો પર ફસાયા. વડી અદાલતે જણાવ્યું હતું કે ફસાયેલા મુસાફરોને થતી અસુવિધા અને હેરાનગતિ ઉપરાંત, રાષ્ટ્રીય અર્થતંત્રને થતું નુકસાન પણ ચિંતાનો વિષય છે.

મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને ન્યાયાધીશ તુષાર રાવ ગેડેલાની બનેલી બેન્ચે નિર્દેશ આપ્યો કે તપાસ સમિતિનો રિપોર્ટ, જો પૂર્ણ

થાય તો, આગામી સુનાવણી તારીખ, 22મી તારીખ સુધીમાં સીલબંધ કવરમાં કોર્ટમાં રજૂ કરવામાં આવે.

-------------